## અન્યથા આવરી લેવાયેલ ન હોય એવાં ક્ષેત્રો

# MAનાં સુરક્ષાનાં ધોરણો

અન્યથા આવરી લેવાયેલ ન હોય એવાં ક્ષેત્રો મામાટે આ COVID-19 માટેનાં વિશિષ્ટ ધોરણો તબક્કા 1 અથવા તબક્કા 2ની એવી કોઈ પણ ઍન્ટરપ્રાઇઝ માટે લઘુત્તમ ધોરણો સ્થાપિત કરે છે, જેમને ફરીથી વ્યાપાર શરૂ કરવાની પરવાનગી આપવામાં આવી હોય, પરંતુ જે તે ક્ષેત્ર માટે COVID-19નાં વિશિષ્ટ સુરક્ષાનાં ધોરણો દ્વારા ખાસ આવરી લેવાયેલ ન હોય.

COVID-19 માટે કાર્યસ્થળનાં આ સુરક્ષાનાં ધોરણો પૂરાં કર્યાં વિના તબક્કા 1 અથવા 2ની ઍન્ટરપ્રાઇઝમાં કોઇ પ્રવૃત્તિ થઈ શકશે નહિ. રાજ્ય દ્વારા સ્થાપિત ધોરણો રદ કરવામાં ન આવે અથવા તેમાં સુધારો કરવામાં ન આવે ત્યાં સુધી સંચાલન માટે જેને પરવાનગી મળી હોય એવી બધી ઍન્ટરપ્રાઇઝને આ ધોરણો લાગુ પડે છે, સિવાય કે જે તે ક્ષેત્ર માટેનાં વિશિષ્ટ ધોરણો ઍન્ટરપ્રાઇઝની કેટલીક કે બધી પ્રવૃત્તિઓને લાગુ પડતાં હોય, જે સ્થિતિમાં ઍન્ટરપ્રાઇઝ જે તે ક્ષેત્ર માટેનાં વિશિષ્ટ ધોરણોનું પાલન કરે તે અનિવાર્ય બનશે. ઍન્ટરપ્રાઇઝના માલિક આ ધોરણોનું પાલન કરવા માટે જવાબદાર હશે.

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




### સામાજીક અંતર

જ્યાં શક્ય હોય ત્યાં વ્યક્તિઓની વચ્ચે 6 ફૂટ કે વધુનું અંતર રહે તેની ખાતરી કરો

- કામદાર માટેની સામાન્ય જગ્યાઓ અને જ્યાં કામદારો ભેગા થવાની સંભાવના હોય એવા ગીચ વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની રચના કરો (દા.ત., બ્રેક રૂમ, ભોજનનાં ક્ષેત્રો) જેથી સામાજિક અંતર જાળવી શકાય
- જે વર્કસ્ટેશનો વચ્ચે 6 ફૂટ કે વધુની જગ્યા રાખી ન શકાય તેમને અલગ કરવા માટે ફિઝિકલ પાર્ટિશન હોવાં જોઈએ (પાર્ટિશન ઓછામાં ઓછા 6 ફૂટ ઊંચાં હોવાં જોઈએ)
- ઍન્ટરપ્રાઇઝિંગની સન્મુખ આવતા ગ્રાહક માટે વિઝ્યુઅલ સોશિયલ ડિસ્ટન્સિંગ માર્કર્સ બેસાડો, જેથી ગ્રાહકોને 6 ફૂટ દૂર રહેવા માટે પ્રોત્સાહન મળે (દા.ત., ચૂકવણી કરવા માટેની લાઇનો, રેસ્ટરૂમનો ઉપયોગ કરવા માટે લાઇનો) અને જ્યાં શક્ય હોય ત્યાં ચેકઆઉટ સ્ટેશનો માટે ભૌતિક આડશો

કામદારો માટે છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઇ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રહે તેની ખાતરી કરો

જ્યાં વ્યક્તિ રોગ અથવા વિકલાંગતાના કારણે ફેસ કવરિંગ પહેરી શકે તેમ ન હોય તે સિવાય બધા કામદારો અને ગ્રાહકો માટે ફેસ કવરિંગ જરૂર પડે તે પ્રમાણે આવશ્યક કરવું

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યાં શક્ય હોય ત્યાં બંધ જગ્યાઓ માટે વાતાનુકૂલનમાં સુધારો કરો (દા.ત., બારણાં અને બારીઓ ખોલો)

ચૂકવણીની સંપર્કરહિત પદ્ધતિઓ માટે આગ્રહ કરવામાં આવે છે



### આરોગ્ય પ્રોટોકોલ્સ

સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે અને કામદારો હાથ વારંવાર ધોઇ શકે તે માટે તેઓને પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહોલ સાથે આલ્કોહોલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઇ શકે

સમગ્ર કાર્યસ્થળમાં વધુ સ્પર્શ થતો હોય તેવી જગ્યાઓમાં નિયમિત સૅનિટાઇઝેશન પૂરું પાડ્યું, જેમ કે વર્કસ્ટેશનો, ઉપકરણ, સ્ક્રીન, બારણાનાં નૉબ, રેસ્ટરૂમો વગેરે

કામદારો અને ગ્રાહકોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકો



### સ્ટાફ અને કામગીરીઓ

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- સામાજિક અંતર, હાથ ધોવાની ક્રિયા, ફેસ કવરિંગનો યોગ્ય ઉપયોગ
- તાપમાન અથવા લક્ષણોની તપાસ સહિત ઘરે જાતે સ્ક્રીનિંગ
- બિમાર હો તો કામ પર ન આવવાનું મહત્ત્વ
- જો લક્ષણો તીવ્ર બને તો તબીબી સારવાર ક્યારે મેળવવી
- પહેલેથી હોય એવો કયો રોગ વ્યક્તિઓને વાઇરસના સંક્રમણ સામે અને વાઇરસના ગંભીર કેસથી ગ્રસ્ત થવાના જોખમમાં મૂકી શકે

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમો)

જો લાગુ પડતું હોય તો, પ્રતીક્ષા માટેના વિસ્તારો બંધ કરો અને ગ્રાહકની અપોઇન્ટમેન્ટનો સમય ન થાય ત્યાં સુધી તેઓને બહાર અથવા કારમાં રાહ જોવા માટેની વિનંતી કરો

પ્રતીક્ષાકક્ષ અથવા અન્ય સામાન્ય વિસ્તારોમાં અનાવશ્યક સુવિધાઓ (સામયિકો, ગ્રાહક માટે પાણી અથવા કૉફી, ક્લોઝ કોટ રૂમો વગેરે) દૂર કરો

ઘરમાં પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે અને ઘરની અંદર ઇન્સ્ટૉલેશન અને પ્રૉડક્ટ્સની ડિલિવરી માટે એવી સ્થિતિમાં સેવા અથવા ડિલિવરીમાં વિલંબ કરો, જો ગ્રાહક એવું સૂચવે કે ઘરમાં સંભવિતપણે COVID-19 પૉઝિટિવ વ્યક્તિ છે

જો કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ કામ પર આવી શકશે નહિ

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે શહેર અથવા નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઈએ અને સંભવિત સંપર્કોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વૉરન્ટીન કરવાની સલાહ આપવા માટે વાજબીપણે કરાયેલી વિનંતી પ્રમાણે LBOHને સહાયતા કરવી જોઈએ. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

કોમનવેલ્થના કાર્યસ્થળ પર સુરક્ષાના ફરજિયાત ધોરણોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી

સાઇટના સંપર્કમાં આવતી દરેક વ્યક્તિની નોંધ રાખો, જેથી કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બને, જેમાં કામચલાઉ મુલાકાતીઓનો પણ સમાવેશ થાય છે (દા.ત., એવા લોકો જેઓ વસ્તુઓ મૂકવા આવતા હોય)

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

શક્ય હોય તો સેવા મેળવવા અથવા મટીરિયલ્સ આપવા માટે અગાઉથી અપોઇન્ટમેન્ટ ગોઠવવા માટે ગ્રાહકો અથવા બહારના વિક્રેતાઓને આગ્રહ કરો

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓ પર COVID-19નું વિશેષ સંકટ હોય એવા કામદારોને ઘરે રહેવા માટે અનુરોધ કરો અથવા ફરજોની પુન:સોંપણી કરો, જેથી અન્ય કામદારો અને ગ્રાહકો સાથેનો સંપર્ક ઓછો કરી શકાય

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઇ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઇ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને માહિતી આપવા માટે આગ્રહ કરો



### સફાઇ અને રોગાણુનાશન


સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે અને કામદારો હાથ વારંવાર ધોઇ શકે તે માટે તેઓને પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહોલ સાથે આલ્કોહોલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઇ શકે

સમગ્ર કાર્યસ્થળમાં વધુ સ્પર્શ થતો હોય તેવી જગ્યાઓમાં નિયમિત સૅનિટાઇઝેશન પૂરું પાડ્યું, જેમ કે વર્કસ્ટેશનો, ઉપકરણ, સ્ક્રીન, બારણાનાં નૉબ, રેસ્ટરૂમો વગેરે

કામદારો અને ગ્રાહકોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકો


જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે